જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૧/૨૦૧૬ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૨૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી ૪૦ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૪૫,૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૨૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૦ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૧૨૨/૧૬**

**સોલા હાઇકોર્ટ :** ત્રીભોવન રાજબલી યાદવ (રહે.ચામુંડા ચોક, પ્રભાબહેનનાં મકાનમાં, ગોતા હાઉસીંગ સોલા) એ તા.૧૬/૧/૧૫ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૧/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી નેહાબહેન (ઉ.વ.૧૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૧૨૩/૧૬**

**દાણીલીમડા :** દેવાંગભાઈ પુરષોત્તમદાસ પ્રભાકર (રહે.વિશ્રાતી લક્ષ્મીકુંજ સોસાયટી, દાણીલીમડા) એ તા.૧૬/૧/૧૬ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧/૧૬ સાંજના ૫/૩૦ થી તા.૧૫/૧/૧૬ બપોરના ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી કુલ ૧૨ તોલાનાં સોનાના દાગીના કુલ કિમત રૂપિયા ૧,૯૨,૦૦૦/- મતાનાં ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.વસાવા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયા:-** **સમાચાર યાદી નં.૧૨૪/૧૬**

**કાગડાપીઠ :** લતાબહેન જશુભાઇ સોની (રહે.અતીથી એપાર્ટમેન્ટ, હિરાવાડી ક્રોસીંગ, આંબાવાડી) તા.૧૨/૧/૧૬ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે મંગલપાર્ક એ.એમ.ટી.એસ.બસ સ્ટોપ નજીકથી પોતાના પતિ સાથે એક્ટીવા ઉપર બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ લતાબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ લતાબહેન સોનીએ તા.૧૬/૧/૧૬ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એમ.વાઘેલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નરોડા :** મીનાબહેન કમલેશભાઇ પ્રજાપતિ (રહે.ભગવતી નિવાસ, બળીયાવાસ, અમરાઇવાડીગામ) તા.૧૬/૧/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે નરોડાપાટીયા સર્કલ પાસે રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક લાલ-કાળા પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષ આશરાનાં) મીનાબહેનનાં ગળામાંથી સોનાની મગમાળા કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- અને સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- મતાનું ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મીનાબહેન પ્રજાપતિએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**અમરાઇવાડી :** ગીતાબહેન નાનુરામ ભાવસાર (રહે.મનહર કોલોની, ધીરજ હાઉસીંગની પાસે, ભાઇપુરા ખોખરા) તા.૧૬/૧/૧૬ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે અમરાઇવાડી સ્વસ્તીક ચાર રસ્તા નજીક હર-હર મહાદેવ એસ્ટેટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષ આશરાનાં) ગીતાબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગીતાબહેન ભાવસારે અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.જી.સોલંકી ચલાવે છે.

**<u>ધાબા ઉપરથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૫/૧૬</u>**

**ખાડીયા :** જયેશભાઇ અમૃતલાલ દુબલ (ઉ.વ.૫૫)(રહે.રંગરાજ એપાર્ટમેન્ટ, રેલવે ક્રોસીંગ પાસે, ઘોડાસર) તા.૧૫/૦૧/૧૬ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે આસ્ટોડીયા ઢાળની પોળ, જોષીનો ખાંચો બાલાજી મંદિર પાસે આવેલ પોતાના વડીલોપાર્જીત મકાનની અગાસી ઉપર પતંગ ચગાવતી વખતે, અગાસીની પાળી નાની હોઇ, અકસ્માતે નીચે પટકાતાં, સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.સંઘાડા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૬/૧૬</u>**

**રિવરફ્રંટ વેસ્ટઃ (૧)** નરેશભાઇ ઉર્ફે નરહરી સોમાભાઇ મકવાણા (ઉ.વ.૪૭)(રહે.કૈલાશનગર સોસાયટી અમદાવાદ)એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૬/૦૧/૧૬ સાંજનાં ૫/૨૫ વાગ્યાના સુમારે સાબરમતી રીવરફ્રંટ ના પશ્ચીમ છેડે, વાસણા બેરેજ ગેટ નંબર-૩૦ નજીક, નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી,આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ પોપટસિંહ ચલાવે છે.

**(૨)** કાજલબહેન ડો/ઓ નટવરભાઇ પરમાર (ઉ.વ.૧૭)(રહે.હનુમાન મંદિરની ચાલી, ખોડીયારનગર, બહેરામપુરા) ને બારમા ધોરણની પ્રથમ પ્રરીક્ષામાં ઓછા માર્ક આવવાના કારણે મનમાં લાગી આવતાં, તા.૧૬/૦૧/૧૬ સાંજનાં ૭/૪૫ વાગ્યાના સુમારે સાબરમતી રીવરફ્રંટ ના પશ્ચીમ છેડે, આંબેડકરબ્રીજ ઉપરથી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.ડાભી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)